પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
**Email:Spl1-ahd@gujarat.gov.in**

## જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે

નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/૧૩૫/૨૦૨૧ તા.૩૦/૦૯/૨૦૨૧

રાજય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગરના ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી-૩(૮)-૦૯૨૦૨૧-ક તા.૦૬/૦૯/૨૦૨૧ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ તથા અમદાવાદ જિલ્લા પંચાયત-૨૪ નાંદેજ તેમજ અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી-૨૦૨૧ આગામી તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ યોજાનાર હોવાથી ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધો ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુકત ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈ પણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતા દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧ (એક) કેમ્પ જેમાં ટેબલ અને બે ખુરશી અને છાયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહીં.

(૩) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચૂંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

(૪) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાધ સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિં.

(૫) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૬) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિં.

(૭) ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટસ અને અનધિકૃત વસ્તુ કે ગેરકાયદેસર વસ્તુ લઈ પ્રવેશ કરી શકશે નહિં.

આ હુકમમાં નીચે મુજબનો અપવાદો છે.

(૧) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઇઓ તથા ભારતના ચુંટણીપંચના પ્રવર્તમાન સુચનાઓના સંદર્ભે "મતદારોને વિધિસરની ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારૂ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દુરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ એમને તડકા/ વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના ભાગમાં છત્રીની વ્યવસ્થા કરી શકાશે. કંતાન વગેરેથી ઢાંકી શકાશે નહી આવા ટેબલની આસપાસ ટોળું ભેગુ થવું જોઈએ નહી, આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારો પોતે જયાં આવા

મથકો ઉભા કરવા માગે છે તે ચૂંટણીમથકોના નામ અને ક્રમ વિશેની માહીતી ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી લેખિત માં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતા પહેલા સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતી વ્યકિતઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર વિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણીપંચની ચુસ્ત સુચનાઓ અનુસાર છપાયેલી હોવી જોઈએ અને તેના ઉપર ઉમેદવારનું નામ અથવા ચિન્હ અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ. તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી ચિન્હ પ્રદર્શિત કરવા ૩ ફુટની લંબાઈ તથા ૪.૫ ફુટની પહોળાઈવાળું ફકત એક જ બેનર ઉપયોગમાં લઈ શકશે. તેમજ એક જ મકાનમાં એક કરતા વધારે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હશે તો પણ આવા મતદાન મથકથી ૨૦૦ મીટર દુરના અંતરે ઉમેદવાર એક જ મથક રાખી શકશે.

(૨) મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી સીક્યુરીટીના માણસો, ચુંટણી પંચ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈંન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

## શિક્ષા:

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ ૧૯૫૧ ની કલમ ૧૩૦ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તારીખ તા.03/૧૦/૨૦૨૧ ના કલાક 00/00 થી રાત્રિના કલાક ૨૪/00 સુધી અમલમાં રહેશે.

## વિસ્તાર:

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હુકમત હેઠળ આવતા ગાંધીનગર મહાનગર પાલીકા વોર્ડ નં-૩ ચાંદખેડા તથા અમદાવાદ મહાનગર પાલીકા વોર્ડ નં-૪૫ ઇસનપુર તથા અમદાવાદ જિલ્લા પંચાયત-૨૪ નાંદેજ વિસ્તારને લાગુ પડશે.

## જાહેર વિજ્ઞાપન:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૩૦/૦૯/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(3) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૯) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(30) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.